**આદિવાસી સંશોધન–વ-તાલીમ કેન્દ્ર દેવગઢ બારીઆ અને એગ્રી. એન્જીનીયરીંગ કોલેજ, આ.કૃ.યુ., ગોધરાના સંયુક્ત ઉપક્રમે "પુનઃ પ્રાપ્ય ઉર્જા સ્રોતોની ખેતીમાં ઉપયોગિતા અને તેનું મહ્ત્વ" વિષય ઉપર તાલીમ વર્ગ યોજાયો**

---

આદિવાસી સંશોધન–વ-તાલીમ કેન્દ્ર દેવગઢ બારીઆ અને એગ્રી. એન્જીનીયરીંગ કોલેજ, આ.કૃ.યુ., ગોધરાના સંયુક્ત ઉપક્રમે કેન્દ્ર હસ્તક ચાલતી આદિવાસી મહીલા ખેડૂત તાલીમ કેન્દ્ર યોજના અતંર્ગેત "પુનઃ પ્રાપ્ય ઉર્જા સ્રોતોની ખેતીમાં ઉપયોગિતા અને તેનું મહ્ત્વ" વિષય ઉપર તા. ૧૭/૦૧/૨૦૨૪ના રોજ એક દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો. આ તાલીમવર્ગ ની શરૂઆત આણંદ કૃષિ યુનિવર્સિટીના પ્રેરણા ગીત થકી કરવામાં આવી.

આ એક દિવસીય તાલીમ વર્ગની શરૂઆતમાં  કેન્દ્રના વડા ડૉ. વાય. બી. ચૌહાણ દ્વારા મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરી કેન્દ્રની સંશોધન અને વિસ્તરણની વિવિધ પ્રવૃત્તિઓ વિશે ખેડૂતોને માહિતગાર કર્યા ત્યારબાદ એન્જીનીયરીંગ કોલેજ, આ.કૃ.યુ., ગોધરાના આચાર્યશ્રી ડૉ. આર. સુબૈયા સાહેબ દ્વારા પ્રાસંગિક ઉદબોધન થકી પુનઃ પ્રાપ્ય ઉર્જા સ્રોતોની ખેતીમાં ઉપયોગિતા અને તેનું મહ્ત્વ વિશે વિસ્તૃતમાં ચર્ચા કરી.

આ એક દિવસીય તાલીમ વર્ગમાં કાર્યક્રમની રૂપરેખા મુજબ ડૉ. ડી. કે. વ્યાસ દ્વારા ગોબર ગેસનું મહ્ત્વ તેમજ તેના ફાયદા અને ગેરફાયદા, બોક્સ ટાઇપ સૂર્યકુકર અને નિર્ધૂમ ચુલા નું નિદર્શન, ઈજ. જે. શ્રવણકુમાર દ્વારા સૂર્ય ઉર્જાની ખેતીમાં ઉપયોગિતા અને તેનું મહ્ત્વ અને જુદા જુદા સૂર્યકુકરોનું મહ્ત્વ અને તેની ઉપયોગીતા વિશે વિસ્તારમાં માર્ગદર્શન આપવામાં આવ્યું. આ તાલીમ વર્ગમાં ધાનપુર તાલુકાની કુલ ૩૫ ખેડૂત મહિલાઓએ ઉત્સાહભેર ભાગ લીધો. સમગ્ર તાલીમ પ્રોગ્રામનું સંકલન ડૉ.એચ.કે.દેસાઇ દ્વારા કરવામાં આવેલ.


TRIBAL FARM WOMEN TRAINING CENTRE
ANAND AGRICULTURAL UNIVERSITY

TRIBAL RESEARCH CUM TRAINING CENTRE
TRIBAL FARM WOMEN TRAINING CENTRE

TRIBAL RESEARCH CUM TRAINING CENTRE
Latitude: 22.714641
Longitude: 73.921414
Accuracy: 45.6 m
Time: 17-01-2024 11:02
Note: Farmers Training Program
TWRTC, DEVGADH BARIA
Powered by NoteCam

Latitude: 22.714642
Longitude: 73.921415
Accuracy: 23.6 m
Time: 17-01-2024 12:10
Note: Farmers Training Program
TWRTC, DEVGADH BARIA
Powered by NoteCam

આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર
વનબંધુ કલ્યાણ યોજના, ગુજરાત સરકાર
આણંદ કૃષિ યુનિવર્સિટી
દેવગઢ બારીયા

Latitude: 22.715029
Longitude: 73.921635
Elevation: 183.57±100 m
Accuracy: 29.7 m
Time: 17-01-2024 14:40
Note: Farmers Training Program
TWRTC, DEVGADH BARIA
Powered by NoteCam